પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૭૩, કુલ પાના:૪, તારીખ: ૧૪-૧૧-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 73 PRICE :-RS. 1.50 DATE : 14-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભારતનો જડબાતોડ જવાબ: આઠ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા

## LOC પર પાકિસ્તાનનું ફાયરિંગ: ત્રણ જવાન શહિદ, ત્રણ નાગરિકોના મોત

ન્યુ દિલ્હી,

દિવાળીના તહેવાર ટાણેં જ પાકિસ્તાને સરહદે પોત પ્રકાશ્યું છે. આજે લાઈન ઓફ કંટ્રોલ પર જુદી જુદી ઠેકાણે કરેલા સંઘર્ષ વિરામના ઉલ્લંઘનમાં ભારતના ૩ જવાનો શહીદ થયા છે અને ૩ નિર્દોષ નાગરિકોના મોત નિપજ્યા છે. ભારતીય સેનાએ તત્કાળ બદલો લીધો હતો.



ભારતીય સેનાએ પણ તત્કાળ બદલો લીધો હતો. ભારતીય સેનાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સેના દ્વારા કરવામાં આવેલી તત્કાળ વળતી કાર્યવાહીમાં પાકિસ્તાનના ૮ સૈનિકોને ઠાર માર્યા છે. જેમાં પાકિસ્તાનના ૨-૩ એસએસજીના કમાંન્ડો પણ શામેલ છે. આ ઉપરાંત પાકિસ્તાની સેનાના ૧૦ થી ૧૨ જવાનો ઘાયલ થયા છે. જેથી પાકિસ્તાની સેનાના જવાનોનો મૃતાંક વધે તેવી શક્યતા છે.

ભારતીય સેનાના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાન તરફથી કોઈ જ કારણ વગરની ઉશ્કેરણીજનક હરકત કરવામાં આવી હતી. પાકિસ્તાની સેનાએ ઉરીથી લઈને ગુરેજ સુધીના વિસ્તારોમાં સીઝફાયર ઉલ્લંઘન કર્યુ હતુ જેનો ભારતીય સેનાએ તત્કાળ જવાબ આપતા ૮ સૈનિકોના ઢીમ ઢાળી દીધા હતાં.

આ અગાઉ ભારતીય સેનાના જણાવ્યા પ્રમાણે એલઓસીની નજીક કુપવાડા ના કેરનથી બારામુલા ના ઉરી સેક્ટરમાં અનેક થેકાણે પાકિસ્તાન તરફથી ભિષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. સામે ભારતીય સેના પણ જડબાતોડ જવાબ આપી રહી છે.

બારામુલામાં પાકિસ્તાન તરફથી યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કરતા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ નાપાક હરકતમાં ઘાયલ થયેલા બીએસએફના જવાન રાકેશ દોભાલ શહીદ થયા છે. રાકેશ ડોભાલ ઉત્તરાખંડના ઋષિકેશના ગંગાનગરના રહેવાસી હતાં. તે બીએસએફ આર્ટી રેજિમેંટમાં હતાં અને કોન્સ્ટેબલ પદે તૈનાત હતાં. આ ગોળીમારમાં સેનાના બે જવાનો પણ શહીદ થયા હોવાના અહેવાલ છે.

જ્યારે ૩ નિર્દોષ નાગરિકોના પણ મોત નિપજ્યા હોવાના અહેવાલ છે. અન્ય એક નાગરિકની સ્થિતિ હજી પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. પાકિસ્તાની સેનાના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં સરહદની નજીકના ગામડાઓના ઘરોને પણ નુકસાન પહોંચ્યુ છે, જ્યારે એક મહિલા પણ ઘાયલ થઈ છે.

પાકિસ્તાન તરફથી આજે બારામોલ્લા જીલ્લાના હાજીપીર વિસ્તારમાં ગોળીબા કરવામાં આવ્યો. આ ઉપરાંય તંગધાર સેક્ટર અને ગુરેજ સેક્ટરમાં પણ પાકિસ્તાન દ્વારા સીઝફાયરનું ઉલ્લંઘન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન પાકિસ્તાની સેનાએ ગોળીબાર, મોર્ટાર મારો કર્યો હતો. ભારતીય સેનાએ પણ પાકિસ્તાનને વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો.

પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ સરહદે અડીને આવેલા ગામના લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે. ગુરેજ, તંગધારમાંથી કેટલાક લોકોને હટાવી પણ લેવાયા છે.

## ઓક્ટોબરમાં છૂટક મોંઘવારી દર છ વર્ષના સૌથી ઉચ્ચત્તમ સ્તરે

ન્યુ દિલ્હી,

ભારતમાં છૂટક મોંઘવારી દર ઓક્ટોબરમાં ૬ વર્ષના સૌથી ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો હતો. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પલેમેન્શન અનુસાર મે ૨૦૧૪ પછી ઓક્ટોબર ૨૦૨૦માં સૌથી વધુ મોંઘવારીની માર પડી છે. ઓક્ટોબર ૨૦૨૦માં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ -સીપીઆઈ પર આધારિત રિટેલ મોંઘવારીનો દર ૭.૬૧ ટકા રહ્યો છે જે સપ્ટેમ્બર ૨૦૨૦ માં ૭.૨૭ ટકા હતો



ખાદ્ય પદાર્થોના ભાવમાં ભારે વધારો થવાને કારણે ઓક્ટોબરમાં સીપીઆઈ ૭.૬૧ ટકા સુધી પહોંચી ગયો છે. આ સમયગાળા દરમિયાન ફૂડ ઈન્ફલેશન ૧૧ ટકા પર પહોંચી ગયો છે.શાકભાજી અને કઠોળના ભાવમાં વધારાને કારણે છ વર્ષમાં છૂટક મોંઘવારી સૌથી વધારે થઈ ગયો છે. સરકારે આરબીઆઈને રિટેલ મોંઘવારીના દરને ૨ થી ૬ ટકાની રેન્જમાં રાખવા જણાવ્યું છે. મોંઘવારીનો દર ૬ ટકા કરતા વધારે છે તો લોકો પર મોંઘવારીથી અસર પડી છે.

છૂટક મોંઘવારીના વધેલા સ્તરથી આવનારા સમયમાં વ્યાજ દર અનુકૂળ રહેવાની આશા ઉપર પાણી ફરીવળ્યું છે. મોંઘવારીને કારણે રિઝર્વ બેક્ર ઑફ ઈન્ડિયા માટે વ્યાજના દરમાં ઘટાડો ગ્રોથને બૂસ્ટ આપવાનો પ્રયાસ વધુ મુશ્કેલ બની શકે છે. ખાદ્ય ચીજોને સસ્તી થવાથી ઓગસ્ટ ૨૦૨૦ માં છૂટક મોંઘવારીમાં થોડી રાહત હતી અને તે જુલાઈમાં ૬.૭૩ ટકાના સ્તરથી ઓછી થઈને ૬.૬૯ ટકા પર આવી ગઈ હતી. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં એકવાર ફરી છૂટક મોંઘવારી દર વધ્યો છે.

## બરાક ઓબામાએ રાહુલ ગાંધીની સરખામણી વિદ્યાર્થી સાથે કરી

વૉશિંગ્ટન,

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ રાહુલ ગાંધીનો ઉલ્લેખ પોતાના પુસ્તકમાં કર્યો છે. ઓબામાએ પોતાના આત્મકથા 'અ પ્રોમિસ્ડ લેન્ડ'માં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો ઉલ્લેખ કર્યો છે. ઓબામાએ પોતાની આત્મકથામાં રાહુલ ગાંધીને નર્વસ અને ઓછી યોગ્યતાવાળા નેતા ગણાવ્યા છે. પોતાના પુસ્તકમાં ઓબામાએ ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો પણ ઉલ્લેખ કર્યો છે.




બરાક ઓબામાએ પોતાના પુસ્તકમાં લખ્યું છે, 'રાહુલ ગાંધી એક એવા વિદ્યાર્થી છે જેમણે કોર્સવર્ક તો કર્યું છે અને શિક્ષકને પ્રભાવિત કરવા માટે ઉત્સુક પણ રહ્યા છે પરંતુ આ વિષયમાં મહારત હાંસલ કરવા માટે કયાં તો તેમનામાં યોગ્યા નથી અથવા ઝનૂનની કમી છે.' તેમણે રાહુલ ગાંધીને નર્વસ અને ઓછી ગુણવત્તા ધરાવનારા પણ કહ્યા છે.

ન્યુયોર્ક ટાઈમ્સે ઓબામાના સંસ્મરણ 'અ પ્રોમિસ્ડ લેન્ડ'ની સમીક્ષા કરી છે. જેમાં પૂર્વ રાષ્ટ્રપ્રમુખે દુનિયાભરના રાજકીય નેતાઓ સિવાય અન્ય વિષયો પર પણ વા કરી છે. ન્યુયોર્ક ટાઈમ્સમાં પબ્લિશ સમીક્ષા પ્રમાણે રાહુલ ગાંધીના વિષયમાં ઓબામાએ કહ્યું છે કે તેમનામાં ગભરાયેલા અને અપરિપકવ વિદ્યાર્થીના ગુણ છે જેણે આખો કોર્સ પૂર્ણ કરી લીધો છે અને તે પોતાના શિક્ષકને પ્રભાવિત કરવા માગે છે, પરંતુ તેમનામાં વિષયમાં સફળતા મેળવવાની યોગ્ય તા કે ઝનૂનની કમી છે.

બરાક ઓબામાએ રાહુલ ગાંધીના માતા અને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનો પણ ઉલ્લેખ કર્યો છે, તેમણે કહ્યું છે કે, 'આપણને ક્રિસ્ટ અને રહમ એમેનુઅલ જેવા પુરુષોના હેન્ડસમ હોવા વિશે કહેવાય છે પરંતુ મહિલાઓના સોંદર્ય વિશે નહીં. માત્ર એક કે બે જ ઉદાહરણ અપવાદ છે જેમ કે સોનિયા ગાંધી.'

સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકાના પૂર્વ સંરક્ષણ મંત્રી બોબ ગેટ્સ અને ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહસિંહ બન્ને એકદમ પ્રામાણિક છે. તેમાં કહેવામાં આવ્યું છે કે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમિર પુતિન ઓબામાને શિકાગો મશીન ચલાવનારા મજબૂત, ચાલાક બોસની યાદ અપાવે છે. પુતિન વિશે ઓબામા લખે છે, 'શારીરિક રીતે તેઓ સાધારણ છે.' ઓબામાના ૭૮૬ પાનાનું પુસ્તક ૧૭ નવેમ્બરે બજારમાં આવશે. અમેરિકાના પહેલા આફ્રીકન-અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ઓબામાએ પોતાના કાર્યકાળમાં બે વખત ૨૦૧૦ અને ૨૦૧૫માં ભારતની યાત્રા કરી હતી.

## ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૮૭૯ કેસ નોંધાયા, ૫૪૭ લોકોએ જીવ ગુમાવ્યો




ન્યુ દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો વધીને શુક્રવારે ૮૭.૨૮ લાખ પર પહોંચી ગયો છે, એક દિવસમાં ૪૪,૮૭૯ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૮૧,૧૫,૫૮૦ દર્દીઓ સાજા થઈ ગયા છે જેની ટકાવારી ૯૨.૯૭% થાય છે. દિવાળીના તહેવારના કારણે બજારોમાં વધતી ભીડ ચિંતાનું કારણ બની રહ્યા છે. ભારતના વિવિધ રાજ્યોમાં કોરોના વધુ વકરે નહીં તે માટે પગલા ભરવામાં આવી રહ્યા છે પરંતુ ભીડવાળા વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે. પાછલા ૨૪ કલાકમાં ૫૪૭ લોકોએ જીવ ગુમાવ્યો છે, જેની સાથે કુલ મૃત્યુ પામનારા લોકોનો આંકડો ૧,૨૮,૬૬૮ થાય છે, જ્યારે કુલ કેસનો આંકડો સવારના ૮ વાગ્યા સુધીમાં ૮૭,૨૮,૭૯૫ થાય છે.

કોરોના ફર્ટિલિટી રેટ ૧.૪૭% થયો છે, જ્યારે હાલ એક્ટિવ કેસનો આંકડો ૪,૮૭,૫૪૭ પર પહોંચ્યો છે, જેની ટકાવારી ૫.૫૫% થાય છે.

આઈસીએમઆર મુજબ અત્યાર સુધીમાં ૧૨,૩૧,૦૧,૭૩૯ કોરોના સેમ્પલ લેવામાં આવ્યા છે, જ્યારે ગુરુવારે ૧૧,૩૯,૨૩૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જોન હોપકિન્સ યુનિવર્સિટી મુજબ દુનિયામાં ફેલાયેલા કોરોના વાયરસના કેસનો આંકડો ૫ કરોડને પાર થઈ ગયો છે, ૧૨ લાખ કરતા વધારે લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. યુનિવર્સિટીના મુજબ શુક્રવારે સવારે કોરોનાના કુલ કેસનો આંકડો ૫૨,૬૪૩,૯૩૯ થઈ ગયો છે અને ૧૨,૯૧,૯૨૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. અમેરિકામાં સૌથી વધારે ૧૦,૫૩૫,૮૨૮ લોકોને કોરોના થયો છે અને ૨૪૨,૬૫૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

## કોરોના કહેર વચ્ચે અમદાવાદમાં હવાના પ્રદૂષણમાં ચિંતાજનક વધારો

અમદાવાદ,

શહેરમાં દિવાળી પર્વના તહેવારો શરૂ થઈ ગયા છે.પર્વના આરંભ સાથે જ શહેરના પિરાણા, બોપલ, સેટેલાઈટ, એરપોર્ટ અને રાયખડ સહીતના વિસ્તારોમાં હવાના પ્રદૂષણમાં ચિંતાજનક વધારો થયો છે. પિરાણા ખાતે સવારે નવ કલાક એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૩ હતો જે સાંજે છ કલાકે ૩૪૨ ઉપર પહોંચી ગયો છે. અમદાવાદ શહેરનો ઓવરઓલ એર ક્વોલિટી ઈન્ડેક્સ ગુરૂવારે સવારે નવ કલાકે ૨૨૮ હતો જે સાંજે છ કલાકે વધીને ૨૭૩ પર પહોંચી ગયો હતો. અમદાવાદ શહેરના લોકો દિવાળી પર્વની ઉજવણીની અંતિમ તૈયારીમાં વ્યસ્ત બની ગયા છે.અનેક વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સ પણ ના જળવાતુ હોવાનુંજોવા મળી રહ્યું છે.શહેરમાં હાલ બે ઋતુનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. હાલ દિવાળીની ખરીદી માટે લોકો મોટી સંખ્યામાં પોતાના વાહનો લઈ વિવિધ માર્કેટમાં ખરીદી કરવા ઉમટી પડયા છે. એના કારણે પણ શહેરના અનેક વિસ્તારોમાં હવાના પ્રદૂષણની માત્રા વધી છે. સતત ધુળીયુ વાતાવરણ,બેવડી ઋતુ અને હવાના પ્રદૂષણને કારણે આવનારા દિવસોમાં શ્વાસને લગતી બિમારીના કેસ વધવાની તબીબો દ્વારા સંભાવના વ્યકત કરાઈ રહી છે. ગુરૂવારે શહેરના પિરાણા,બોપલ,સેટેલાઈટ વિસ્તારમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦ ઉપર પહોંચી જતા દિલ્હી બાદ અમદાવાદ શહેરમાં પણ હવાના પ્રદૂષણની માત્રા ચિંતાનો વિષય બનવા પામી છે.

## દ્વારકાધીશ મંદિર દ્વારકામાં દીપોત્સવ પર્વની ઉજવણી શરૂ, દર્શન કાર્યક્રમ જાહેર



દ્વારકા,

દ્વારકાધીશ મંદિર દ્વારકામાં દીપોત્સવીના પર્વ દરમ્યાન દીપોત્સવી ઉત્સવ યોજાશે. જે માટે દીપાવલી તથા નૂતન વર્ષને ધ્યાને લઈ તા.૧૩ થી ૧૬ નવેમ્બર દરમ્યાન શ્રીજીના દર્શનનો કાર્યક્રમ દ્વારકાધીશ મંદિરના વહીવટદાર અને પ્રાંત અધિકારી દ્વારકા દ્વારા જાહેર કરાયો છે. કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવાના હેતુસર સોશિયલ ડિસ્ટન્સ જાળવી માસ્ક પહેરી ગૃહમંત્રાલય દ્વારા જાહેર કરાયેલ ગાઈડલાઈનનું ચૂસ્ત પાલન કરી દર્શનનો લાભ લેવા દ્વારકાધીશ મંદિરના વહીવટદાર દ્વારા અનુરોધ કરાયો છે.

તા ૧૪ના કાળી ચૌદસના અને દીપાવલીના દિવસે મંગલા આરતી સવારે ૫:૩૦, શ્રીજી દર્શન નિત્યક્રમ મુજબ,અનૌસર(મંદિર બંદ) બપોરે ૧:૦૦ કલાકે, ઉત્થાપન દર્શન સાંજે ૫:૦૦ કલાકે જ્યારે હાટડી દર્શન રાત્રે ૮:૦૦ થી ૮:૩૦ સુધી અને ૯:૪૫ મંદિર બંધ થશે. તા-૧૫ રવિવારના નુતનવર્ષ અન્નકૂટ ઉત્સવના દિવસે મંગલા આરતી સવારે ૬:૦૦ કલાકે,

શ્રીજી દર્શન નિત્યક્રમ મુજબ,અનૌસર(મંદિર બંદ) બપોરે ૧:૦૦ કલાકે, અન્નકુટ દર્શન સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાક સુધી અને રાત્રે ૯:૪૫ અનોસર (મંદિર બંધ). દીપોત્સવી ઉત્સવ સમયે યાત્રિકોએ સોસીયલ ડિસ્ટન્સનું પાલન કરી માસ્ક પહેરવું ફરજીયાત. કોરોના મહામારી વચ્ચે યાત્રિકોની સુવિધા અને સુરક્ષામાં કરાયો છે વધારો ડી.વાય.એસ.પી કક્ષાના અધિકારીના માર્ગદર્શન હેઠળ મંદિર સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે.

**મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....**

ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.

મો.9737024962 / 7778024962

કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી
સૌથી વધુ પસંદગી,
ઓછા મેકીંગ ચાર્જ, સારી ગુણવત્તા

**શ્રીનાથજી જ્વેલર્સ**

ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,
મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬
દિવાળી ના શુભ પ્રસંગે
નવા દાગીના ની નવી ડિઝાઇન ખરીદવા



અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા

## હર્ડ ઈમ્યુનિટી આવી જશે ત્યારે કોરોના રસીની જરૂર નહીં પડે: એમ્સ ડાયરેક્ટર

ન્યુ દિલ્હી,

શિયાળાની શરૂઆત સાથે જ અમેરિકા સહિત ભારતમાં કોરોના વાયરસના કેસમાં ભારે વધારો નોંધાયો છે. દુનિયાભરમાં કોરોનાની વેક્સીનની કાગડોળે રાહ જોવાઈ રહી છે. ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સિસના ડાઈરેક્ટર રણદીપ ગુલેરિયાએ અલગ જ નિવેદન આપ્યું છે.




ગુલેરિયાએ કહ્યું છે કે, કોરોના વાયરસના વધતા પ્રકોર બાદ આપણે એક એવી સ્થિતિમાં પહોંચી જઈશું કે જ્યારે હર્ડ ઈમ્યુનિટી આવી જશે અને ત્યારે રસીની પણ જરૂર નહીં પડે. એમ્સના ડાઈરેક્ટર રણદીપ ગુલેરિયાએ એક ખાસ વાતચીતમાં આમ કહ્યું હતું.

દિવાળીના તહેવાર અને માસ્ક તેમન સોશિયલ ડિસ્ટેંસિંગમાં લોકોની બેદરકારીને લઈને ડોક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું હતું કે, તેના બે પહેલુ છે. એક તો એ કે રસી જલદી આવી જાય. જો આવી પણ ગઈ તો સૌથી પહેલા વધુ જોખમવાળા સમૂહને તે આપવામાં આવશે. એવા લોકો કે જેમનામાં ઈન્ફેક્શનની શક્યતા ખુબ વધારે છે. તેનાથી આપણને મહામારીને કાબૂમાં લેવામાં મદદ મળશે અને સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઘટાડો થશે.

બીજુ એ કે આ દરમિયાન એક સમય એવો પણ આવશે કે જ્યારે આપણે હર્ડ ઈમ્યુનિટી મેળવી લઈશું. લોકો પણ મહેસૂસ કરશે કે તેમનામાં ઈમ્યુનિટી આવી ગઈ છે. આવી સ્થિતિમાં રસીની જરૂર નહીં પડે. જો વાયરસ મ્યૂટેટ નહીં થાય અને તેનામાં કોઈ પરિવર્તન નહીં આવે તો રસીની જરૂર પડશે કારણ કે ફરીથી સંક્રમણનું જોખમ રહેશે. તેમણે કહ્યું હતું કે, જો વાયરસ મ્યૂટેટ નહીં થાય અને તેનામાં કોઈ ફેરફાર નહીં આવે તો લોકો કદાચ રસી મૂકાવવા અંગે ફરીથી ન પણ વિચારે અને આ કારણે રસીની જરૂરિયાત ઓછી રહી શકે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૩૭૫ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર




જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૬ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૩-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૩૭૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લા માં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાડમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૭૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૭૭૭૬૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૩ દર્દી હોમ આઇસોલેશન, ૦૬ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી પર દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુર તાલુકા હેલ્થ સેન્ટર ખાતે રકતદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,
કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લાન આરોગ્યક તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં સંતરામપુર તાલુકા હેલ્થ સેન્ટર ખાતે રેડ ક્રોસ સોસાયટીના ડો.ચૌહાણ તેમજ આર.સી.એચ.ઓ ધર્મેન્દ્ર ચૌહાણ, તાલુકા હેલ્થ ઓફિસર એન.એસ.ગોસાઇ, ડો.ભૌમીક પટેલ તથા તેમની આરોગ્યદ ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઇ ગયો.

સંતરામપુર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પ માં ૪૪ રક્તદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. તેમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ખાસ ઉપસ્થિત રહી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ રક્તદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં ૪૪ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યું હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રક્તદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ રકતદાન કેમ્પર દરમિયાન રકતદાતાઓને માસ્કં પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વાજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધ તિઓ અપનાવવા અને યોગ-વ્યાયામ ઈત્યાથદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

# મહીસાગર જિલ્લાની જાહેર જનતાએ દિવાળીના તહેવાર નિમિત્તે ફટાકડા ફોડતી વખતે ધ્યાનમાં રાખવા અંગે

લુણાવાડા,
મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામાનો ચુસ્ત પણે અમલ કરી કોરોનાથી બચવા વારંવાર સાબુથી હાથ ધોવા, માસ્ક અવશ્ય પહેરવું, બે ગજનું અંતર રાખી આરોગ્યની કાળજી લઇ સુરક્ષીત દિવાળી ઉજવીએ. ફટાકડા ફોડતી વખતે જાહેર જનતાને ધ્યાનમાં રાખવાના મુદા આટલું કરો જ્યારે પહેરેલા કપડા આગમાં લપેટાય, થોભો, ફટાકડાને દૂર કરો અને જમીન પર આળોટા જો આગ ઓલવી શકાય ન હોય તો અસરકર્તાને બ્લેન્કેટમાં વીટાંળો. દાજેલી જગ્યા ઉપર ઠંડુ પાણી નોખો જ્યાં સુધી બળતરા ચાલુ રહે ત્યા સુધી આ પ્રક્રિયા ચાલુ રાખી શકાય. દાજેલી જગ્યા પર ચોખ્ખુ કપડુ, સ્ટરીલાઈઝ બેન્ડેઝ બાંધવુ તથા યોગ્ય સારવાર માટે વહેલી તકે દાક્તરનો સંપર્ક કરવો. દિવાળીના તહેવાર દરમ્યાન ફાયર બ્રિગેડનો ફોન નંબર ૧૦૧, તથા ૦૨૬૭૪-૨૫૨૩૦૦/૩૦૧ નંબર પર સંપર્ક સાધવો. ફટાકડા વડીલોની હાજરી માંજ ફોડો. ફટાકડા ફોડતી વખતે પાણીની ભરેલી ડોલ તથા રેતી ભરેલી ડોલ રાખવી અને તારા મંડળ જેવા ફટાકડાનો ઉપયોગ કર્યા પછી તેનો તાર તે ડોલ માં જ નાંખવો.

આટલું ન કરો ગીચતાવાળી જગ્યા, સાંકડી જગ્યા કે ઘરમાં ફટાકડા ફોડશો નહી. વડીલોની ગેરહાજરીમાં બાળકને કયારેય એકલા ફટાકડા ફોડવા દેશો નહી. ફટાકડાને તમારા ખીસ્સામાં રાખશો નહી કે ફોડતી વખતે તેનો ઘા કરશો નહી. અવાજની વિશિષ્ટ અસર માટે ફટાકડાને ટીનના ડબ્બામાં, કાચના શીશામાં, માટલામો કે અન્ય બીજા અખતરાથી ફોડશો નહી. ફટાકડાને કારણે આંખને ઈજા થઇ હોય તો આંખને મસળવું નહી તથા આંખમાં ખુંપી ગયેલી વસ્તુને ખેચીને કાઢવાનો પ્રયત્ન કરવો નહીં. આંખમાં કેમિકલ પડી જતા આંખને ઠંડા પાણીથી ૧૦ - ૧૫ મીનીટ સુધી ધોવું અને તરત જ આંખના ડોક્ટરની સલાહ લેવી. આગ પકડી લે એવી જગ્યાએ ફટાકડા ફોડવાનું ટાળો. ફુટયા વગરના ફટાકડાને ચકાસવું નહી તેને છોડી દો. હાથમાં ફટાકડા ફોડવાની હિંમત કરશો નહી તથા વાહનમાં ફટાકડા ફોડશો નહી. ઈમરજન્સી નંબર : ૧૦૧ ફાયરા, ૧૦૦ પોલીસ, ૧૦૮ એબ્યુલન્સ, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન એકમ કંટ્રોલ રૂમ નં -(૦૨૬૭૪)- ૨૫૨૩૦૦/૩૦૧, ટોલ ફ્રી નં - ૧૦૭૭. નિવાસી અધિક કલેકટર લુણાવાડા મહીસાગરની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સફાઇ કામદારોને ધિરાણ યોજના માટેની અરજીની સમય-મર્યાદા વધારાઈ

લુણાવાડા,
ગુજરાત રાજયના સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને સ્વરોજગારી પૂરી પાડવાના હેતુથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા સફાઇ કામદાર અને તેઓના આશ્રિતોને ધિરાણ આપવાની યોજના અમલી છે.

આ યોજના સંદર્ભે અરજદારોને ૧૪ ઓકટોબર,૨૦૨૦ સુધી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું જણાવાયું હતુ, પણ લક્ષ્યાંક મુજબ અરજીઓ ઉપ્લબ્ધ ન થતા અરજી માટેની સમય-મર્યાદામાં વધારો કરાયો છે. હવે અરજદારો ફરી તા.૧૨/૧૧/૨૦૨૦ થી તા.૧૧/૧૨/૨૦૨૦ દરમિયાન ઓનલાઇન એપ્લિકેશન કરી શકશે.

૧૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી અરજી કરી શકે છે. સદર યોજનાનો લાભ મેળવવા માટે નિગમની વેબસાઈટ https:sje.ujarat.gov.In/gskvn પર અરજી કરી શકાશે, એમ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર આર.બી.ખેરે અખબારી યાદીમા જણાવ્યું છે.

## વ્હાઈટ હાઉસમાંથી વિદાય પહેલાં ટ્રમ્પનો ચીનનો ઝટકો

# ટ્રમ્પે ચીની કંપનીઓમાં અમેરિકી રોકાણ પર પ્રતિબંધ લગાવ્યો

વોશિંગ્ટન,
અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડૉનાલ્ડ ટ્રમ્પનો પરાજય થયો છે. આગામી બે મહિનાની અંદર બાઈડેન શપથ ગ્રહણ કરશે. એટલે કે બીજા અર્થમાં કહીએ તો અમેરિકામાં ટ્રમ્પ સરકાર હવે બે મહિનાની જ મહેમાન છે. પરંતુ જતા જતા પણ



રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ ચીનને આકરો ઝાટકો આપવાનું નથી ચુક્યા.

ટ્રમ્પ સરકારે એક કાર્યકારી આદેશ બહાર પાડી ચીનની કંપનીઓમાં અમેરિકી રોકાણ પર પ્રતિબંધ લગાવી દીધા છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા આપવામાં આવેલા આ આદેશમાં ૩૧ ચીની કંપનીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે.

આ આદેશ પ્રમાણે એવી ચીની કંપનીઓમાં અમેરિકા દ્વારા રોકાણ નહીં કરવામાં આવે જે કોઈ પણ રૂપમાં ચીનની સેના સાથે જોડાયેલી હોય. આ પગલું અમેરિકાની રોકાણ પેઢી, પેન્શન ફંડ અને અન્યને ૩૧ ચીની કંપનીઓના શેર ખરીદવા સામે મનાઈ ફરમાવી દેવામાં આવી છે. જેને રક્ષા વિભાગ તરફથી ચીની સેના સમર્થીત કંપનીનો કરાર આપવામાં આવ્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિર્ણયના કારણે ચીનને ઘણું મોટુ નુકશાન ઉઠાવવાનો વારો આવશે. તેમાં પણ ખાસ કરીને ચાઈના ટેલિકોમ કોર્પ લિમીટેડ, ચાઈના મોબાઈલ લિમીટેડ અને સર્વિલાંસ ડિવાઈસ નિર્માતા Hikvision સૌથી વધારે ગંભીર અસર થશે. આ આદેશ આવનારા વર્ષના ૧૧ જાન્યુઆરી સુધી અમલી રહેશે અને તે બાદ અમેરિકી રોકાણકારોની યાદીમાં ચીની કંપનીઓમાં રોકાણ નહીં કરી શકે.

વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશમાં જણાવાયું છે કે, ચીન પોતાની સેના, ગુપ્તચર તંત્ર અને અન્ય સુરક્ષા એજન્સીઓને મજબુત બનાવવા અને તેના આધુનિકીકરણ માટે ઘણા સમયથી અમેરિકાના નાણાંનો ઉપયોગ કરી રહ્યું હતું. પણ હવે આવું ચાલશે નહીં.

રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જો બાઈડેનના હાથે મળેલી હાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવામાં આવેલો પહેલો આ મોટો નિર્ણય છે. જેના પરથી અંદાજ લગાવી શકાય કે ટ્રમ્પ સત્તા હસ્તાંતરણ પહેલા પણ ચીન સામે કાર્યવાહી કરવાની કોઈ જ તક જતી કરવા માગતા નથી.

# એક્સટર્નલ વિદ્યાર્થીઓનું ૩૦ માર્ક્સના એસાઈમેન્ટ દ્વારા મૂલ્યાંકન કરાશે

અમદાવાદ,
કોરોનાને લીધે તમામ પરીક્ષાઓ માર્ચ-એપ્રિલમાં લેવાઈ ન હતી પરંતુ સરકારને પરીક્ષાની મંજૂરી આપ્યા બાદ યુજી-પીજીના છેલ્લા સેમેસ્ટરના રેગ્યુલર વિદ્યાર્થીઓની સાથે એક્સટર્નલના વિદ્યાર્થીઓની પણ પરીક્ષા લેવાઈ હતી. હવે ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુજી-પીજીના એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે આખરે મૂલ્યાંકન પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે. જેમાં યુજીમાં સેમેસ્ટર ૨ અને ૪ તથાઁ પ્માં સેમેસ્ટર ૨ના એક્સટર્નલ વિદ્યાર્થીઓનું ૩૦ માર્ક્સના એસાઈમેન્ટ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. આ મૂલ્યાંકનના આધારે તેમને રિઝલ્ટ આપવામાં આવશે. એક્સટર્નલના વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકન પ્રક્રિયામાં ભાગ લેવા માટે પણ રજિસ્ટ્રેશન કરાવવું પડશેં.ય્ઝની ગાઈડલાઈન પ્રમાણે બીજા અને ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને મેરિટ બેઝ પ્રમોશન આપવાનું હતું. પરંતુ એક્સટર્નલ વિદ્યાર્થીઓને રેગ્યુલર વિદ્યાર્થીઓની જેમ કોલેજમાંથી ઈન્ટરનલ માર્ક્સ મળતા નથી. જેથી ઈન્ટરનલ અને અગાઉના સેમેસ્ટરના ૫૦ ટકા માર્ક્સ મુજબ મેરિટ બેઝ પ્રમોશન આપી શકાય તેમ ન હતું.

ગુજરાત યુનિ.એ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી સીન્ડીકેટ બેઠકમાં લેખિત ઓફલાઈન પરીક્ષાને બદલે એક્ઝામ સબમિશનના આધારે પરિણામ આપવાનો નિર્ણય કર્યો હતો. સીન્ડીકેટમાં ઠરાવના એક મહિના બાદ અંતે દિવાળી ટાણે યુનિ.એ મૂલ્યાંકન પ્રક્રિયા જાહેર કરી છે. યુનિ.દ્વારા કરાયેલા પરિપત્ર મુજબ બીએ, બી.કોમ સેમસ્ટર ૨ અને ૪ તથા એમએ- એમ.કોમ સેમેસ્ટર -૨ના એક્સટર્નલના વિદ્યાર્થીઓએ વિષયવાર ૩૦ ગુણના એસાઈમેન્ટ જમા કરાવવાના રહેશે. જે માટે દરેક વિદ્યાર્થીએ સૌપ્રથમ યુનિ.ની વેબસાઈટ પર ૨૪મી સુધી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટરેશનમાં વિદ્યાર્થીએ એનરોલમેન્ટ નંબર,સીટ નંબર અને મોબાઈલ નંબર ફરજીયાત લખવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન પૂર્ણ નહી કરે તો એક્ઝામ સબમિશન માટે ગેરહાજર ગણવામા આવશે. રજિસ્ટ્રેશન બાદ વિદ્યાર્થીને ઈમેઈલથી પેપર દીઠ ૧૫-૧૫ ગુણના બે પ્રશ્નો અપાશે અને જેના જવાબો વિદ્યાર્થીએ લખી સ્કેન કરી પેપર દીઠ અલગ અલગ અપલોડ કરવાના રહેશે.

## વડાપ્રધાને આયુર્વેદ દિવસ પર બે આયુર્વેદ સંસ્થાન રાષ્ટ્રને સમર્પિત કરી

# ૨૧મી સદીનું ભારત ટુકડોમાં નહિ, પણ હોલિસ્ટીક રીતે વિચારે છે: મોદી

ન્યુ દિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચમા આયુર્વેદ દિવસ પર આયુર્વેદ સંસ્થાઓ- ગુજરાતના જામનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ અને જયપુરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદને રાષ્ટ્રને સમર્પિત કરી છે.

ગુજરાતમાં આજે ધનતેરસની મોટી ભેટ મળી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જામનગરની આર્યુવેદ યુનિવર્સિટીનું લોકાર્પણ કરાયું છે. જામનગર આયુર્વેદ યુનિવર્સિટીને તાજેતરમાં જ રાષ્ટ્રીય દરજ્જો અપાયો છે. ત્યારે આયુર્વેદ દિવસ પર ગુજરાતને સ્વાસ્થયને લગતો આ મોટો ઉપહાર બની રહેશે.



કોરોનાકાળમાં પણ દુનિયા ભારતના આયુર્વેદનું મહત્વ સમજી ગઈ છે. તો સાથે જ તેઓએ ગુજરાતીઓને ધનતેરસની શુભેચ્છાઓ આપીને સંબોધન કર્યું હતું.

તેઓએ કહ્યું હતું કે, ધન્વન્તરી આયુર્વેદના દેવતા ગણાય છે. આયુર્વેદની રચના તેમના આર્શીવાદથી થઈ છે. આ વર્ષનો આયુર્વેદ દિવસ ગુજરાત અને રાજસ્થાન માટે વિશેષ છે. યુવાઓ માટે પણ વિશેષ છે. આજે જામનગરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઓફ આયુર્વેદને રાષ્ટ્રીય દરજ્જો મળ્યો છે. રાજસ્થાનની ઈન્સ્ટિટ્યૂટને પણ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે લોકાર્પણ કરાયું છે. આયુર્વેદની આ બેસ્ટ યુનિવર્સિટીઓ માટે અભિનંદન. આયુર્વેદ ભારતનો વારસો છે, જેના વિસ્તારમાં સમગ્ર માનવતાની ભલાઈ છે. આપણુ પારંપરિક જ્ઞાન હવે અન્ય દેશોને પણ સમૃદ્દ કરી રહ્યું છે. બ્રાઝિલની રાષ્ટ્રીય નીતિમાં આયુર્વેદ સામેલ થયું છે. ભારતના અમેરિકા અને જર્મની સાથેના સંબંધો આ મામલે વધી રહ્યાં છે. ડબલ્યુએચઓએ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિનલ મેડિસીનની સ્થાપના માટે ભારતને પસંદ કર્યું છે, હવે ભારતમાંથી આ ક્ષેત્રે કામ થશે. આ માટે ડબલ્યુએચઓનો હું આભારી છું. જે રીતે ભારત ફાર્મસી ઓફ વર્લ્ડ તરીકે ઉભરાયું છે, તે જ રીતે પારંપારિક ચિકિત્સાનું સેન્ટર પર ગ્લોબલ વેલનેસનું સેન્ટર બનશે. ભારતને નવી ઊંચાઈએ લઈ જશે.

આયુર્વેદ વિશે તેઓએ કહ્યું કે, આયુર્વેદનો મોટો વારસો છે. પણ સત્ય એ પણ છે કે, આ જ્ઞાન પુસ્તકો અને દાદી-નાની નુસ્ખામાં રહ્યું છે. આ જ્ઞાનને આધુનિક સમય પ્રમાણે વિકસિત કરવું જરૂરી છે. તેથી દેશમાં પહેલીવાર આપણી પુરાતન ચિકિત્સાના જ્ઞાનને ૨૧મી સદીના આધુનિક વિજ્ઞાન સાથે જોડવામાં આવી રહ્યું છે. ત્રણ વર્ષ પહેલા જ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાની સ્થાપના કરાઈ છે. લેહમાં એક સંસ્થા બની રહી છે. ગુજરાત અને રાજસ્થાન પણ હવે આ ક્ષેત્રે કામ કરશે. જ્યારે કદ વધે છે તો દાયિત્વ પણ વધે છે. આયુર્વેદ ભૌતિકી અને રસાયણ શાસ્ત્રને લઈને રિસર્ચ કરો, જેથી ઈન્ટીગ્રેટેડ ડોક્ટરલ અને પોસ્ટ ડોક્ટરલ બનાવવા માટે કામ કરી શકાય. દેશના સ્ટાર્ટઅપે આયુર્વેદના ગ્રોથનો સ્ટડી કરવો જોઈએ. આયુર્વેદની લોકલ શક્તિ માટે તમારે દુનિયાભરમાં વોકલ થવુ પડશે.

તેમણે કહ્યું કે, એલોપથી સાથે આયુર્વેદને જોડવાનો પ્રયાસ કરાયો છે. ૨૧મી સદીનું ભારત ટુકડોમાં નહિ, પણ હોલિસ્ટીક રીતે વિચારે છે. હેલ્થ સાથે જોડાયેલ બાબતોને પણ હોલિસ્ટિક એપ્રોચથી સોલ્વ કરવામાં આવી રહી છે. પ્રિવેનટીવ હેલ્થકેર પર વેલનેસ વધુ ફોકસ કરવામાં આવી રહ્યું છે. એક તરફ સ્વચ્છ, પ્રદૂષણ, પોષણ મામલે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે, તો દોઢ લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દેશના ખૂણે ખૂણે તૈયાર કરવામાં આવી રહ્યાં છે. ૧૨૫૦ થી વધુ સેનટર આયુર્વેદ સાથે જોડાયેલા છે. વેલનેસનું આ ભારતીય દર્શન દુનિયાને આકર્ષિત કરી રહ્યું છે. ભારતની આ પારંપરિક વિદ્યા કેટલી કારગત છે તે બતાવવું છે. કોરોના માટે કોઈ પ્રભાવી રીત ન હતી, ત્યારે ભારતના ઘર-ઘરમાં હળદર-દૂધ, કાઢા જેવા ઈમ્યુનિટી ઉપાય બહુ જ કામમાં આવ્યા.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૪-૧૧-૨૦૨૦, શનિવાર, નિજ આસો વદ-૧૪, સૂર્યોદય-૬-૫૯, સૂર્યાસ્ત-૬-૦૩, જૈન નવકારશી-૭-૪૭, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ સ્વાતિ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૦૯થી ૧૨-૫૩ સુધી, ૮-૨૩ થી શુભ-૯-૪૬ સુધી, ૧૨-૩૧થી ચલ-લાભ-અમૃત-૧૬-૪૦ સુધી, ૧૮-૦૩ થી લાભ-૧૯-૪૦ સુધી, ૨૧-૧૭થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૫૫ થી ગુરૂ ૮-૫૦ સુધી,૧૦-૪૧ થી શુક્ર, બુધ, ચંદ્ર ૧૩-૨૬ સુધી, ૧૪-૨૨ થી ગુરૂ ૧૫-૧૭ સુધી, ૧૭-૦૭થી શુક્ર બુધ ચંદ્ર-૨૦-૧૨ સુધી |

# દૈનિક રાશીફળ

**તા.૧૪.૧૧.૨૦૨૦ શનિવાર**

મેષ(અ.લ.ઈ.):-ભાગીદારોને તમારે માર્ગદર્શન દેવું પડે તવું આયોજન લાભ દાયક રહે. વિજાતીય મિત્રતા ગાઢ બને.
વૃષભ(બ.વ.ઉ.):-બીજાના કાર્યમાં ડખલગીરી ન કરતા રોંજીદા કાર્યને વળગી રહેજો જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે.
મિથુન(ક.છ.ઘ.):-સ્વાસ્થ્ય બાબત સુધારો રહે. સીઝનલ ધંધાર્થી લાભ હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું રાજકારણમાં સફળતા.
કર્ક(ડ.હ.):-વ્યવસાયમાં અનુકુળતાનો વધવાની વિદેશથી પણ લાભ મલે. મહેનતું ફળ મલવાનું લકઝરી ચીજ વસ્તુની ખરીદી થાય.
સિંહ(મ.ટ.):-નવા કોલ કરારોમાં સફળતા વાળો દિવસ રહે. આવકનું પ્રમાણ વધવાનું ખાવા પીવામાં તકેદારી જરૂરી છે.
કન્યા(પ.ઠ.ણ.):-શેર બજારમાં મોટા જોખમો ન લેવા કર્જ કરવાથી દૂર રહેજો ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો પ્રવાસ થાય.
તુલા(ર.ત.):-અગત્યના કાર્યોને સફળ થતા જોઈ શકશો નોકરીમાં લાભ અંગત જીવનમાં ધ્યાન દેજો પ્રયાસમાં જાળવવું.
વૃશ્ચિક(ન.ય.):-તમારી મહેનતનું ફળ મલવાનું જીવના નવું જોમ જુસ્સો જોવા મળે વિદેશ સાથેના ધંધામાં લાભ રહેવાનો.
ધન(ભ.ધ.ફ.ઢ.):-ફીલગુડ વાળો દિવસ રહેવાનો નોકરીમાં લાભ મનગમતુ કાર્ય મલે. હરીફોથી પણ લાભ રહેશે. રૂઆર્થિક લાભ.
મકર(ખ.જ.):-અંગત જીવનમાં અવસર રહેવાને લઈને રોંજીદા કાર્યમાં અવરોધો રહે. ગુસ્સા ટાળજો- મિલ્કતથી લાભ રહેશે.
કુંભ(ગ.શ.સ.):-યોગ્ય પ્રયત્નો જરૂર સફળતા અપાવશે. નવી યોજના લાભ દાયક રહેવાની લકઝરી ચીનવસ્તુથી લાભ.
મીન(દ.ચ.ઝ.):-સ્વાસ્થ્ય જાળવવું ભાગીદારોને સાથ સહકાર દેવો મિત્રો સાથે વ્યવસાયની ચર્ચા થાય નવી ઓળખાણ થાય.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ શ્રીજી નગરમાં

# ૬.૨૨ લાખની લુંટને અંજામ આપનાર ઘરધણીની પત્ની અને પ્રેમી સહિત ચારની ઘરપકડ

દાહોદ,

દાહોદના ગોવિંદ નગર વિસ્તારમાં આવેલ નગર સોસાયટીમાં ચાર દિવસ અગાઉ રાત્રીના આઠેક વાગ્યાના સમયગાળા દરમ્યાન અજાણ્યા લુંટારૂઓએ એક મકાનને નિશાન બનાવી બાળકોને બંધક બનાવ્યા હતા અને ઘરમાંથી સોના – ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૬,૨૨,૦૦૦ની સનસનાટી ભરી લુંટ ચલાવી નાસી ગયાના બનાવ બાદ તપાસમાં જોતરાયેલ પોલીસ સીસીટીવ ફુટેજ સહિત પરિવારજનોના નિવેદનો લેતાં ઘરધણીની પત્નિ ઉપર પોલીસને શંકા જતાં કડક પત્નિની પુછપરછ કરતાં



ચોંકાવનારી કબુલાત કરતાં સૌ કોઈના હોશ ઉડી ગયા હતા. પત્નિ દ્વારા છટપુજામાં પતિ દાગીના તથા રોકડા રૂપીયા માંગી લેશે તેવા વિચાર સાથે પત્નિએ તેના પ્રેમી સાથે મળી આ લુંટને અંજામ આપ્યો હોવાની પત્નિએ પોલીસ સમક્ષ કબુલાત કરતાં પોલીસે પત્નિની અટકાયત કરી તેના પ્રેમી સહિત લુંટને અંજામ આપનાર ચાર જણાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૦૯ નવેમ્બરના રોજ દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારમાં નગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અને બોરડી રેલ્વે સ્ટેશન ખાતે સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવતા અને મુળ બિહારના રહેવાસી એવા રાકેશકુમાર રામેશ્વરસિંહ રાજપુત ઠાકુરના આ મકાનમાં રાત્રીના આઠેક વાગ્યાના સમયગાળા દરમ્યાન તેઓ અને તેમની પત્નિ પોતાના બંન્ને બાળકોના એકજ દિવસે જન્મ દિવસ હોઈ બજારમાં કેક લેવા ગયા હતા અને તેમના બંન્ને બાળકો ઘરે એકલા હતા ત્યારે અજાણ્યા ચાર જેટલા લુંટારૂઓએ રાકેશભાઈના મકાનમાં આવી બાળકોને ડરાવી, ધમકાવી મકાનનો દરવાજો ખોલાવ્યો હતો અને મકાનમાંથી રોકડા રૂપીયા ૫૦,૦૦૦૦ અને સોના – ચાંદીના દાગીના મળી કુલ રૂા.૬,૨૨,૦૦૦ની લુંટ ચલાવી નાસી ગયા હતા. આ બનાવ સંદર્ભે રાકેશકુમાર દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી.

હાલ દિવાળીનો તહેવાર હોય અને શહેર સહિત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ દિવાળીના તહેવાર ટાળે ચોરી, લુંટફાટના ગુન્હાઓને અટકાવવાના હેતુસર અને આરોપીઓને ઝડપી પાડવા જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશજોયસ દ્વારા દાહોદ શહેર પોલીસને આ કેસની તલસ્પર્શી તપાસ હાથ ધરી ગંભીરતાથી લેવામાં આવે તેવી સુચના અને માર્ગદર્શન કરતાં પોલીસે આ બનાવનું પગેરૂ મેળવવા સતત ચાર – પાંચ દિવસોથી આ ગુન્હાનો ભેદ ઉકેલવા જોતરાઈ ગઈ હતી. પોલીસ ગોવિંદનગર વિસ્તાર તેમજ નગર સોસાયટીના વિસ્તારોના સીસીટીવી ફુટેજોની તપાસ પણ હાથ ધરી હતી. સીસીટીવી ફુટેજ ચેક કરતાં પોલીસને આશા જનક વિગત મળી આવી હતી બાતમીદારના આધારે પોલીસને મળેલ બાતમીના આધારે પત્નિ ઉપર શંકા ગઈ હતી. પોલીસે રાકેશકુમારની પત્નિ નીલુસિંહ રાકેશકુમારસિંહ ઠાકુરને બોલાવી સઘન પુછપરછ કરતાં નીલુસિંહ પુછપરછમાં ભાંગી પડી હતી અને પોતે આ ગુન્હાને પોતાના પ્રેમી બીટુ ઉર્ફે દવેશ મહેન્દ્રસિંહ નાયક સાથે મળી ગુન્હાને અંજામ આપ્યો હોવાનું જણાવ્યું હતુ. વધુમાં કબુલાતમાં નીલુસિંહે જણાવ્યા અનુસાર, પ્રેમી બીટુને પ્રથમ ૨ લાખ રૂપીયા આપ્યા હતા ત્યાર બાદ ૧૯ ઓક્ટોબરના રોજ નીલુસિંહ બીટુને સોનાનો સેટ, ટીકી નથીયા, ઝુમકી, સાત જોડી એરીંગ, બે બોડ બુટ્ટા, દશ સોનાની વીંટી, સોનાની પાંચ ચેન, છ બંગડી, બે પાટલા, એક મોટો તથા એક નાનો સોનાનો બાર, બે લોકીટ, નાનુ તથા મોટુ મગંળસુત્ર, પાંચ નાકની ચુની, કાનની વાળીઓ, ચાંદીના પાયલ. વીછુડી, ચાંદીની વાટકી, હાથફુલ, કંદોરા રાકેશકુમારસિંહની દશ સોનાની વીટી તેમજ લુંટના દિવસે રૂા.૨,૫૦,૦૦૦ આપ્યા હતા. દિવાળીના તહેવારને લઈ છટપુજા કરવા બિહાર જવાનું હોય અને તે દિવસે દાગીના પહેરવાના હોય તથા રોકડા રૂપીયા જોડે લઈ જવા પતિ રાકેશકુમારસિંહ માંગશે, તો શું કહીશ તેમ વિચારી આ લુંટનો પ્લાન બનાવ્યો હોવાની કબુલાત પત્નિ નીલુસિંહે કરી હતી.

સમગ્ર લુંટની ઘટના પરથી પડદો ઉચકાચા પોલીસ પણ એકક્ષણે સ્તબ્ધત થઈ ગઈ હતી પરંતુ પોલીસને સઘન તપાસની કામગીરીના પગલે આ લુંટના ગુન્હા ઉપરથી પડદો ઉચકાયો હતો અને પોલીસે આ લુંટમાં સંડોવાયેલ બીજા ઈસમોને પણ ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ જિલ્લા સેવા સદનથી કોલેજ સુધીના રોડ ઉપર રાતના અંધેરા ઉલેચાયા

દાહોદ,

દાહોદ જિલ્લા સેવા સદન અને જિલ્લા પંચાયત પરિસરમાં ફરજ બજાવતા અનેક કર્મચારીઓને પડતી મુશ્કેલીનો અંત આવ્યો છે. આ દીપાવલી પર્વના સપરમા દિવસોમાં જ જિલ્લા સેવા સદનથી દાહોદ નગરમાં કોલેજ સુધી સ્ટ્રીલ લાઇટ નાખવામાં આવતા રાત્રીના સમયે અંજવાળા પથરાયા છે. જિલ્લા સેવા સદનથી દાહોદ નગર સુધી સ્ટ્રીટ લાઇટ ન હોવાના કારણે કર્મચારીઓને ઓફિસ બાદ ઘરે પહોંચવામાં તકલીફ પડતી હતી. આ ઉપરાંત, સરકારી કામે જિલ્લા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સેવા સદન કે જિલ્લા પંચાયત ખાતે આવનારા અરજદારોને માટે પણ મુશ્કેલીનો અનુભવ થતો હતો. આ બાબતને ધ્યાને રાખીને કલેક્ટર વિજય ખરાડીએ અંધેરા ઉલેચવા માટે જિલ્લા આયોજન કચેરી અને વીજ કંપનીને સૂચના આપી હતી. કલેક્ટરએ આ માટે એક ટીમ બનાવી હતી. જેમાં જિલ્લા આયોજન અધિકારી કિરણ ગેલાત, એમજીવીસીએલના તત્કાલીન કાર્યપાલક ઇજનેર સંજય વર્મા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી નયના પાટડિયા અને દાહોદ નગરપાલિકાના મુખ્ય અધિકારીનો તેમાં સમાવેશ થતો હતો. આ ટીમે નાણાંકીય જોગવાઇ, સ્ટ્રીટ લાઇન નંખાયા બાદ તેની સારસંભાળની વ્યવસ્થા સહિતની બાબતોમાં પડતી વહીવટી મુશ્કેલીઓ દૂર કરતા સ્ટ્રીટ લાઇટ નાખવા આડેના અંતરાયો દૂર થયા હતા. હવે સ્ટ્રીટ લાઇટ શરૂ થઇ જતાં જિલ્લા સેવા સદનથી છેક કોલેજ સુધી અંજવાળા પથરાઇ ગયા છે. પ્રકાશના પર્વમાં આ એક સુંદર કામગીરી થઇ છે. તેની ટેકનિકલ વિગતો જોઇએ તો જિલ્લા સેવા સદન અને કોર્ટ પરિસરની બહાર બે હાઇમાસ્ટ ટાવર નાખવામાં આવ્યા છે. આ ઉપરાંત રોડની બન્ને બાજુએ ૧૫૫ જેટલા એલઇડી બલ્બ નાખવામાં આવ્યા છે. આ એલઇડી બલ્બ ૫૪ વોટ્સના છે. કોલેજથી સેવા સદન સુધી બન્ને બાજુએ ૧.૬–૧.૬ કિલોમિટર લાંબી લાઇન નાખવામાં આવી છે. જેમાં એરિયલ બંચ કેબલ નાખવામાં આવ્યો છે. આ માટે જિલ્લા આયોજન કચેરી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રૂ. આઠેક લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

વિશેષ બાબત તો એ છે કે માત્ર એક જ અઠવાડિયાની અંદર જ આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. કલેક્ટરએ આ કામગીરી બદલ સંબંધિતોને બિરદાવ્યા હતા.

# દાહોદ બસ સ્ટેશનમાં મુસાફરોની ભારે ભીડ સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ

દાહોદ,

એક તરફ કોરોનાકાળ તો બીજી તરફ તહેવારોની રમઝટ હાલ હવે દિવાળીને ગણતરીના દિવસો બાકી રહ્યા ત્યારે દાહોદ શહેરના બજારોમાં ભીડ જોવા મળી રહી છે અને તેમાંય દાહોદ શહેરના બસ સ્ટેશન ખાતે તો મુસાફરોની વહેલી સવારોનો વહેલી સવારથી જ ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. પરંતુ આ સૌની સાથે દાહોદના બસ સ્ટેશનમાં ન તો સોશીયલ ડિસ્ટન્સનું પાલન થતું જોવા મળી રહ્યું છે અને ન તો મુસાફરોના મોંઢે માસ્ક અથવા તો સેનેટરાઈઝરનો કોઈ ઉપયોગ થતો જોવા મળી રહ્યો છે. આ સાથે સાથે બસ સ્ટેશન વિસ્તારમાં આવતા જતાં મુસાફરોનું સ્ક્રિનીંગ પણ કરવામાં આવતું નથી ત્યારે હાલ તહેવાર ટાળે અને કોરોના મહામારીના સમયે આ એક ચિંતાનો માહોલ સર્જાય તેમાં કોઈ નવાઈ નથી.

આમ તો કોરોના કાળના ચાર – પાંચ માસ દરમ્યાન લોકોએ અને સાથે સાથે આરોગ્ય તંત્ર દ્વારા બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશન ખાતે મુસાફરોનું સ્ક્રિનીંગ સહિતની કામગીરી કરવામાં આવતી હતી પરંતુ જાણે હવે કોરોના માણસથી ડરી રહ્યો છે કે શું? તેવા સંકેતો દાહોદ જિલ્લાવાસીઓમાં નજરે પડી રહ્યા છે. દાહોદ શહેરના બસ સ્ટેશનમાં આવતાં જતાં મુસાફરોનું સ્ક્રિનીંગ પણ કરવામાં આવતું નથી. વહેલી સવારથી જ મુસાફરોના ટોળે ટોળા ઉમટી પડતાં હોય છે. જાહેરમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા પણ જોવા મળી રહ્યા છે. બસ સ્ટેશન વિસ્તારમાં ન તો સેનેટરાઈઝરની કોઈ વ્યવસ્થા છે ન તો માસ્કની. આમેય બસ સ્ટેશનમાં ઘણા ખરા મુસાફરોના મોંઢે તો માસ્ક પણ નથી જોવા મળતાં. આવા સમયે માત્ર એક–બે દિવસના તહેવારના મોજમાં જાણે કોરોના પણ એક – બે દિવસ માટે છે તેવા નિર્ભય નિર્ણય સાથે લોકો પોતાના જીવને જોખમમાં મુકી રહ્યા હોય તેવા દ્રશ્યો દાહોદના બસ સ્ટેશનમાં જોવા મળી રહ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા પણ આ બસ સ્ટેશન વિસ્તારમાં સ્ક્રિનીંગની પુનઃ વ્યવસ્થા કરવામાં આવે તેમજ માસ્ક અને સેનેટરાઈઝર ફરજીયાત કરવામાં આવે તેવી લાગણી અને માંગણીઓ પણ ઉઠવા પામી છે. હાલ કોરોના ગયો નથી પરંતુ તેનાથી સૌ કોઈએ સાવચેત રહેવાની જરૂર છે. તહેવાર તો માત્ર એક–બે દિવસ આવીને જતો પણ રહેશે પણ આ કોરોના રૂપી રાક્ષસ ક્યારે જશે તે તો હાલ કોઈને પણ ખબર નથી. પરંતુ અંતે એટલું કહેવું કે, આપણી સુરક્ષા આપણા હાથમાં છે. કોરોનાથી ડરીયે નહીં પરંતુ સાવચેત રહીશું તો ચોક્કસ પણ આપણે સૌ કોરોનાને હરાવી શકીશું.

## દાહોદ જીલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો

દાહોદ,

શીયાળાના આગમન સાથે દાહોદમાં ફરી કોરોના માથું ઉચકી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. આજે એક સાથે જિલ્લામાં ૧૬ કોરોના સંક્રમણના પોઝીટીવ કેસ સામે આવતાં પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. આ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૯૦૬ ને પાર પહોંચી ગયો છે. આર.ટી.પી.સી.આર.ટેસ્ટના ૨૮૬ પૈકી ૦૯ અને રેપિટ ટેસ્ટના ૫૯૪ પૈકી ૦૭ એમ કુલ આજે ૧૬ કોરોના પોઝીટીવ દર્દીઓ સામે આવ્યા છે. આજના આ ૧૬ કેસ પૈકી દાહોદમાંથી ૦૭, ઝાલોદમાંથી ૦૪, લીમખેડા માંથી એક અને ગરબાડામાંથી ચાર કેસ બહાર આવ્યા છે હોવાનું બહાર છે. આજે હોસ્પિટલમાંથી ૦૭ દર્દીઓને રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૮૫ પર પહોંચી ગઈ છે. બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા એક વધીને ૭૫ પર પહોંચી છે. આમ, દાહોદમાં છેલ્લા બે – ત્રણ દિવસથી ફરીવાર કોરોના સંક્રમણનો કેર વધતાં કેસો વધારે જોવા મળી રહ્યા છે ત્યારે સંબંધિત આરોગ્ય તંત્રની કામગીરીમાં ફરી વધાતો પણ થયો છે. બીજી તરફ ગણતરીના દિવસો બાદ દિવાળીનો તહેવાર પણ આવતો હોય છે જેમાં જાહેર જનતાએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી કોરોના સંક્રમણથી બચવા તમામ નીયમોનું પાલન કરવામાં આવે તે અત્યંત આવશ્યક બની રહ્યું છે.

## દાહોદના કતવારા ગામે કાર ચાલકે ત્રણ પશુઓને ટક્કર મારી મોત નિપજાવ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા ગામે આવેલ હાઈવ રોડ પર એક સ્વીફ્ટ ગાડીના ચાલકે બે ભેંસો અને એક ગાડને જોશભેર અડફેટમાં લઈ ટક્કર મારતાં આ ત્રણેય પશુઓના ઘટના સ્થળ પરજ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, કતવારા ગામ તરફથી નીકળતા હાઈવે રસ્તા ઉપર આજરોજ બપોરના સમયે એક સ્વીફ્ટ ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પોતાના કબજાની ગાડી પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને જોતજોતામાં રસ્તાની સાઈડમાંથી પસાર થઈ રહેલ બે ભેંસો અને એક ગાયને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં આ ત્રણ પશુઓને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળ પરજ ત્રણેય પશુઓના મોત નીપજ્યાં હતા. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે આ સંદર્ભે તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી પણ કરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## સીંગવડના પતંગડી ગામે ભાડાના મકાન માંથી ૫.૩૯ લાખના દારૂના જથ્થા સાથે એક ઈસમ ઝડપ્યો

દાહોદ,

સીંગવડ તાલુકાના પતંગડી ગામે એક ભાડાના રહેણાંક મકાનમાં પાંચ ઈસમો મોટા પાયે વિગેશી દારૂનું વેચાણ સહિત હેરાફેરી કરતાં હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે આ મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી વિદેશી દારૂની બોટલો નંગ.૫૧૯૯ જેની કુલ કિંમત રૂા.૫,૩૯,૮૦૫ના જંગી જથ્થા સાથે એકને ઝડપી પાડ્યાનું જ્યારે કેટલાક નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

પિતામ્બર ઉર્ફે દિનેશભાઈ હીરાભાઈ વણકર (રહે. વેજમાં (ખાંટ ફળિયું) તા.મોરવા (હ), જિ.પંચમહાલ), શંકરભાઈ તેરસીંગભાઈ ઉર્ફે વીરસીંગભાઈ બારીઆ, વિજયભાઈ તેરસીંગભાઈ વીરસીંગભાઈ બારીઆ, ખુમાનસીંગ બળવંતસીંગ પટેલ (ત્રમેણ રહેવાસી, પતંગડી,તા.સીંગવડ,જિ.દાહોદ) અને બીજો એક જે વિદેશી દારૂનો જથ્થો પુરો પાડતો હતો. આ પાંચેય જણા પતંગડી ગામે એક ભાડાનું મકાન રાખી તેમાં ખુલ્લેઆમ વિદેશી દારૂનું વેચાણ સહિત હેરાફેરી કરતાં હતા. આ અંગેની બાતમી પોલીસને મળતાં પોલીસે ગત તા.૧૧મી નવેમ્બરના રોજ પોલીસ કાફલા સાથે આ ભાડાના મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા ત્યારે પોલીસે પિતામ્બર ઉર્ફે દિનેશભાઈને ઝડપી પાડ્યો હતો અને બાકીના નાસી જવામાં સફળ રહ્યા હતા. આ બાદ પોલીસે મકાનની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ, બીયરની બોટલો નંગ.૫૧૯૯ જેની કુલ કિંમત રૂા.૫,૩૯,૮૦૫ નો પ્રોહી જથ્થો જપ્ત કરી ઉપરોક્ત તમામ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી રણધીકપુર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆની "આહાર" ટ્રસ્ટ દ્વારા દિવાળી પહેલા રોકડ રકમ સાથે ગરીબ યુવતિઓને સહપ્રેમ ભેટ




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારીઆની ''આહાર'' સંસ્થા ૨૦૦૪ થી ગરીબો અસહાય લોકો માટે જીવાદોરી સમાન સંસ્થા છે. જેના સ્થાપક નિકુંજભાઈ સોની છે. જે ગરીબ પરિવારોના જીવનધોરણ ઊંચા લાવવા માટે સતત પ્રયત્નશીલ છે. અને માત્ર ને માત્ર ગરીબ પરિવારોને કઈ રીતે મદદરૂપ થવું અને કયા લાભાર્થીને ક્યા પ્રકારની મદદની જરૂર છે. તે સારી રીતે જાણી લેતા હોય છે. ''આહાર'' સંસ્થાને પોતાના નાણા ખર્ચ કરીને ચલાવતા હતા. પરંતુ આવા નિસ્વાર્થ એન ખંતીલા માણસનું કાર્ય જોઈને આપણા દેવગઢ બારીઆ શહેરના યુ.એસ. સ્થાઈ દાતાઓ પણ નિકુંજભાઈ સોનીના કાર્યને મદદ માટે આગળ આવ્યા. જેથી તેમણે તેમની લાગણીને માન આપી આ લોકસેવા એજ જન સેવાના કાર્યકમાં મદદ સ્વીકારી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.૧૧/૧૧/૨૦૨૦ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે આહાર રસોડાના પટાંગણમાં એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. દિવાળીના પર્વ પહેલા આહારના ૪૬ લાભાર્થીઓને દાળ–ભાત, શાક–રોટલી, ગોટ, મોહનથાળ મીસ્ટાનની વાનગી સાથે સ્વ. વિષ્ણુપ્રસાદ વ્યાસના સમર્પણ અર્થે મહેન્દ્રભાઈ વ્યાસ ગોધરા બાબાના તરફથી આજનું ભોજન આપવામાં આવ્યું હતું તથા ૩૫ જેટલી યુવતિઓને રૂા.૧૦૦/– રોકડ રકમ અને બીજા ગરીબ લાભાર્થીઓને ૧૧/–રૂપીયા ટીફીન સાથે આપવામાં આવ્યા હતા. યુવતિઓને કીટમાં સેવ, ટોસ, વેસલીન, પાપડી આ વસ્તુને આપવામાં આવી હતી. આ તમામ ભેટ સોગાત સુરેન્દ્રભાઈ વ્યાસના હસ્તક આપવામાં આવી હતી. જેથી તમામ ગરીબ લાભાર્થીઓમાં ખુશી જોવા મળી હતી.

## દાહોદ તાલુકાના ગામતળગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,

દાહોદ તાલુકાના ગામતળ ગામે લબાના ફળિયામાં રહેતા હરેન્દ્ર કિર્તનભાઈ બામણે ગત તા.૧૧મી નવેમ્બરના રોજ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે હરેન્દ્રભાઈ કિર્તનભાઈ બામણે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## લીમખેડાના ખીરખાઈ ગામની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકિરાખવા સારૂ એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ધાનપુર તાલુકાના રાઠવા ગામે કમલેશભાઈ છત્રાભાઈ મેડાએ ગત તા.૨૦મી સપ્ટેમ્બરના રોજ લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ડાંગ હવે ગ્રીન ટીના કારણે બન્યું વધુ આત્મનિર્ભર

ડાંગ,

આદિવાસી જિલ્લા તરીકેની ઓળખ ધરાવતા ડાંગને હવે નવી ઓળખ મળી છે. આમ તો અહી આદિવાસી પ્રજા પશુપાલન સાથે ખેતી કરી ગુજરાન ચલાવે છે. પરંતુ ઘર કામની સાથે મહિલાઓ રોજગાર મેળવી આત્મનિર્ભર બની છે. ત્યારે આ મહિલાઓ કેવી રીતે આત્મનિર્ભર બની તેના માટે જોઈએ અમારો વિશેષ અહેવાલ. કુદરતી સૌદર્ય અને હરિયાળીના કારણે જાણીતુ ડાંગ હવે ગ્રીન ટીના કારણે વધારે ખ્યાતનામ થવા જઈ રહ્યુ છે. કેમ કે, ડાંગના બરડાપાણી ગામમાં મહિલાઓ ડાંગી ગ્રીન ટી બનાવી રહી છે. આટલું જ નહી મહિલાઓ ગ્રીન ટીનું વાવેતર કરે છે. અને તેને પેકિંગ કરી વેચે પણ છે. ગામની મહિલાઓ લીલી ચાની ખેતી કરી તેને સુકવે છે અને બાદમાં તેને રાજ્યના અલગ-અલગ શહેરમાં મોકલે છે.

## કુદરતી આફતોથી પ્રભાવિત છ રાજ્યોને આર્થિક સહાયનું એલાન

ન્યુ દિલ્હી,

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય સમિતિએ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ-એનડીઆરએફ હેઠળ છ રાજ્યોને ૪,૩૮૧.૮૮ કરોડ રુપિયાની આર્થિક સહાય આપવા અંગે મંજૂરી આપી દીધી હતી. આ રાજ્યોમાં સામેલ અને ચક્રવાતી તોફાન એમ્ફાનથી પ્રભાવિત પશ્ચિમ બંગાળને ૨,૭૦૭.૭૭ કરોડ રુપિયાનું આર્થિક સહાય ફંડ, ઓડિશાને ૧૨૮.૨૩ કરોડ રુપિયાનું સહાય ફંડ આપવામાં આવશે. તોફાન નિસર્ગથી પ્રભાવિત થયેલા મહારાષ્ટ્રને ૨૬૮.૫૯ કરોડ રુપિયાનું આર્થિક સહાય ફંડ આપવામાં આવશે.

દક્ષિણ-પશ્ચિમ મોનસૂન દરમિયાન પૂર અને ભૂસ્ખલનનો સામનો કરનારા કર્ણાટકને ૫૭૭.૮૪ કરોડ રુપિયાનું ફંડ, મધ્ય પ્રદેશને ૬૧૧.૬૧ કરોડ રુપિયાનું ફંડ અને સિક્કિમને ૮૭.૮૪ કરોડ રુપિયાના ફંડની આર્થિક સહાય કરવામાં આવશે. આ વર્ષે આ રાજ્યોમાં ચક્રવાતી તોફાનો સાથે પૂર અને ભૂસ્ખલનનો પ્રકોપ રહ્યો હતો. ચક્રવાતી તોફાન એમ્ફાનની તબાહી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ અને ઓડિશાની મૂલાકાત લેતાં બંગાળને ૧૦૦૦ કરોડની આર્થિક સહાય અને ઓડિશાને ૫૦૦ કરોડ રુપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. ૨૩મે આ આર્થિક સહાય ફંડ રાજ્યોને પહોંચાડવામાં આવ્યું હતું. આ સિવાય કુદરતી આફતોમાં જીવ ગુમાવેલા મૃતકોના પરિવારને બે લાખની મદદ અને ઈડાગ્રસ્તોને ૫૦ હજાર રુપિયાની આર્થિક મદદનું એલાન પણ કર્યું હતું.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 73

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# રાજ્ય સરકારે બિન અનામત વર્ગમાં વધુ ૩૨ જાતિઓનો કર્યો સમાવેશ

ગાંધીનગર,
બિન અનામત વર્ગમાં વધુ ૩૨ જ્ઞાતિઓનો સમાવેશ કર્યો છે. સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગ દ્વારા આજે કરવામાં આવેલા પરિપત્રમાં બિન અનામત જાતિઓમાં હિંદુ ધર્મની ૨૦ જાતિઓ અને મુસ્લિમ ધર્મની ૧૨ જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સમક્ષ ઘણી રજૂઆતોના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. બિન અનામત વર્ગની જાતિઓમાં સમાવેશ કરવામાં આવતા હવે આ જાતિઓના લોકોને હવે પ્રમાણપત્ર લેવામાં સરળતા રહેશે.

આ ઉપરાંત સરકાર દ્વારા બીજી સવલત પણ આપવામાં આવી છે. જે મુજબ જેમનું જૂનું ક્રિમિલેયર હશે તે માત્ર બાંહેધરી પત્રાથી રિન્યુ ગણાશે. તેની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ માટે બિન ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર મેળવવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. માર્ચ ૧૯ સુધીમાં ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર મેળવ્યું હોય પણ કોરોનાના કારણે તેની તારીખ પૂરી થઈ ગઈ હોય અને રિન્યુ ન થયો હોય તો પણ તેની મુદત ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લોકોએ ૨૭ ટકા અનામતનો લાભ લેવા સહિતના લાભો માટે જાતિના પ્રમાણપત્ર ઉપરાંત બિન ઉન્નત વર્ગનું નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ લેવું ફરજિયાત છે. જોકે, કોરોનાના કારણે નવેસરથી પ્રમાણપત્ર ન લીધું હોય તો ચિંતા કરવાની જરૂર નથી. તેની મુદત વધારીને ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી કરવામાં આવી છે.

## કઈ કઈ જ્ઞાતિને બિન અનામત વર્ગમાં કરાયો સમાવેશ?

- હિંદુ વાલમ બ્રાહ્મણ
- ખંડેલવાલ
- મોઢવણિક
- મોઢ વાણિયા
- ખેડાવાળ બ્રાહ્મણ
- બાજ ખેડાવાળ બ્રાહ્મણ
- સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ
- જેઠીમલ્લ, જેષ્ઠિમલ્લ, જયેષ્ઠિમલ્લ
- પુરબીયા રાજપુત ક્ષત્રિય
- હિંદુ આરેઠિયા
- વાવિયા
- હિંદુ મહેતા
- મોરબીયા
- જોબનપુત્રા
- પુરોહિત, રાજપુરોહિત
- મારુ રાજપુત
- અમદાવાદ રાવત (રાજપુત)
- કુરેશી મુસ્લિમ
- સુન્ની મુસલમાન વ્હોરા પટેલ
- સુન્ની મુસલમાન
- ખેડવાયા મુસલિમ
- મુસ્લિમ ખત્રી
- બુખારી
- મોમીન સુથાર
- મોમીન
- સુથાર મુમન
- મુસ્લિમ રાઉમા મુસ્લિમ રાયમા
- મુસ્લિમ વેપારી

# મોરવા(હ) ગામે પોલીસ મથક નજીક નંદ ઘરની સામે ખુલ્લેઆમ દારૂનું વેચાણ

મોરવા(હ),
મોરવા(હ) ગામે તાલુકા પંચાયત કચેરી તેમજ પોલીસ મથક નજકી જી.કે. હાઈસ્કુલ પાસે ખુલ્લેઆમ દારૂનું વેચાણ થઈ રહ્યું છે. એક તરફ દારૂના વેચાણ અને પીવા ઉપર પ્રતિબંધ હોવા છતાં જે રીતે દારૂનું વેચાણ થઈ રહ્યું છે. તે જોતાં પોલીસની કામગીરી સામે શંકા સેવાઈ રહી છે.

ગુજરાત રાજ્યમાં દારૂના વેચાણ અને બીયર ઉપર પ્રતિબંધ છે. તેમ છતાં રોજબરોજ કરોડો રૂપીયાનો દારૂ ઝડપ્યાનો હોય છે. પોલીસ દ્વારા અવારનવાર રેડ કરીને દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવતો હોવા છતાં બુટલેગરો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. પંચમહાલ જીલ્લાના મોરવા(હ) ગામે પોલીસ સ્ટેશનથી તેમજ તાલુકા પંચાયત કચેરીથી નજીક જી.કે.હાસ્કુલની સામે નંદઘરની સામે ખુલેઆમ દારૂનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.



બુટલેગરોમાં પોલીસનો ખૌફ રહ્યો નથી

મોરવા(હ) ગામે આ સ્થળે દારૂની મહેફીલ જામેલી જોવા મળે છે. તે જોતાં જાણે બીયર બાર જોવા દ્રશ્યો લાગે છે. પંચમહાલ પોલીસ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા વારંવાર દારૂ વેચતા તત્વોને ઝડપી પાડી કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં મોરવા(હ) ગામે થતાં દારૂના વેચાણને જોતા જાણે બુટલેગરોને પોલીસનો ડર રહ્યો નથી અથવા મીઠી નજર હેઠળ બુટલેગરો બેફામ બનીને દારૂનું વેચાણ ખુલ્લેઆમ કોઈપણ જાતના ડર વગર કરી રહ્યા છે. ત્યારે શું મોરવા(હ) ગામે ખુલેઆમ વેચાતા દારૂ ઉપર પોલીસ કાર્યવાહી કરી લગામ લગાવશે ખરી ?

# ફટાકડા ફોડતી વખતે જાહેર જનતાને ધ્યાનમાં રાખવાના મુદ્દા

### -:આટલું કરો :-

૧. જ્યારે પહેરેલા કપડા આગમાં લપેટાય, થોભો, ફટાકડાને દુર કરો અને જમીન પર આળોટો. જો આગ ઓલવી શકાય ન હોય તો અસરકર્તાને બ્લેન્કેટમાં વીટાળો.

૨. દાજેલી જગ્યા ઉપર ઠંડુ પાણી નાંખો જ્યાં સુધી બળતરા ચાલુ રહે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રાખી શકાય. દાજેલી જગ્યા પર ચોખ્ખું કપડું, સ્ટરીલાઈઝ બેન્ડેઝ બાંધવુ તથા યોગ્ય સારવાર માટે વહેલી તકે દાક્તરનો સંપર્ક કરવો.

૩. દિવાળીના તહેવાર દરમ્યાન ફાયર બ્રિગેડનો ફોન નંબર ૧૦૧ , તથા ૦૨૬૭૪–૨૫૨૩૦૦/૩૦૧ નંબર પર સંપર્ક સાધવો.

૪. ફટાકડા વડીલોની હાજરીમાંજ ફોડો.

૫. ફટાકડા ફોડતી વખતે પાણીની ભરેલી ડોલ તથા રેતી ભરેલી ડોલ રાખવી અને તારા મંડળ જેવા ફટાકડાનો ઉપયોગ કર્યા પછી તેનો તાર તે ડોલમાંજ નાંખવો.

### – : આટલું ન કરો :–

૧. ગીચતાવાળી જગ્યા, સાંકડી જગ્યા કે ઘરમાં ફટાકડા ફોડશો નહી.

૨. વડીલોની ગેરહાજરીમાં બાળકને કયારેય એકલા ફટાકડા ફોડવા દેશો નહી.

૩. ફટાકડાને તમારા ખીસ્સામાં રાખશો નહીં કે ફોડતી વખતે તેનો ઘા કરશો નહીં.

૪. અવાજની વિશિષ્ટ અસર માટે ફટાકડાને ટીનના ડબ્બામાં, કાચના શીશામાં, માટલામાં કે અન્ય બીજા અખતરાથી ફોડશો નહીં.

૫. ફટાકડાને કારણે આંખને ઈજા થઇ હોય તો આંખને મસળવુ નહી તથા આંખમાં ખૂચી ગયેલી વસ્તુને ખેચીને કાઢવાનો પ્રયત્ન કરવો નહી.

૬. આંખમાં કેમિકલ પડી જતા આંખને ઠંડા પાણીથી ૧૦–૧૫ મીનીટ સુધી ધોવું અને તરત જ આંખના ડોક્ટરની સલાહ લેવી.

૭. આગ પકડી લે એવી જગ્યાએ ફટાકડા ફોડવાનું ટાળો.

૮. ફુટયા વગરના ફટાકડાને ચકાસવું નહીં તેને છોડી દો.

૯. હાથમાં ફટાકડા ફોડવાની હિંમત કરશો નહી તથા વાહનમાં ફટાકડા ફોડશો નહી.

# પંચમહાલ જીલ્લામાં આજે ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૮૭ થયો

- ૦૫ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૯૦.
- મૃત્યુ આંક - ૧૨૧.

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૮૮૭ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૪, હાલોલ–૦૩, કાલોલ–૦૩, શહેરા–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

# ગોધરા તાલુકા પોપટપુરા ગામેથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

ગોધરા,
ગોધરા તાલુકાના પોપટપુરા ગામે સોહેલ બોર્ન મીલની બાજુમાં હાઈવે રોડ નજીકથી હાલતમાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ સોહેલ બોર્ન મીલની બાજુમાં હાઈવ રોડની સાઈડમાં અજાણ્યા પુરૂષનો કોવાહેલ હાલતમાં મૃતદેહ પડયો હોય તેની જાણ સ્થાનિક રહિશ દ્વારા ગોધરા તાલુકા પોલીસને કરવામાં આવતાં તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને અજાણ્યા મૃતદેહનો કબ્જો મેળવી તપાસ હાથ ધરી છે.

# ગોધરાના ચાંચપુરા ગામે ઘરમાં રાખેલ ૧.૪૬ લાખનો દારૂ ઝડપ્યો

ગોધરા,
ગોધરા તાલુકાના ચાંચપુરા ગામે રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ કિંમત ૧,૪૬,૮૮૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ચાંચપુરા ગામે રહેતા વિપુલ પ્રવિણસિંહ રાઠોડ અને મંગળ ઉર્ફે મંગો ચૌહાણ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઘરમાંથી તેમજ ઘરની પાછળ ખુલી જગ્યામાંથી કવાટરીયા નંગ–૧૪૪ કિંમત ૧૫,૮૪૦/–રૂપીયા , ગેઈન વ્હીસ્કી કવાટરીયા નંગ–૧૨૪૮ કિંમત ૧,૩૧,૦૪૦/–રૂપીયા મળી ૧,૪૬,૮૮૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પોલીસની રેડ દરમ્યાન બન્ને ઈસમો હાજર મળી આવ્યા ન હતા. આ બાબતે વેજલપુર પોલીસે પ્રોહિબીશન એકટે હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી.

# હાલોલના ઘાટા ગામેથી બોલેરો ગાડી માંથી ૧.૨૦ લાખના બિયરના જથ્થા સાથે બે ઈસમોને ઝડપ્યા

હાલોલ,
હાલોલ તાલુકાના ઘાટા ગામે પાવાગઢ પોલીસના પેટ્રોલીંગ દરમ્યાન બોલેરો ગાડીમાં ને ઝડપી પાડી હતી. ચેકીંગ કરતા ૧.૨૦ લાખ રૂપીયા ઈંગ્લીશ દારૂ તેમજ મોબાઈલ ફોન, લોખંડની પ્લેટો મળી ૪,૨૩,૬૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ઘાટા ગામે તરફ પાવાગઢ પોલસી પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી બોલેરો ગાડી નંબર જીજે.૨૩.વાય. ૮૬૧૪ને રોકી હતી અને ગાડીના ચેકીંગ દરમ્યાન ગાડીમાંથી બીયર પેટી નંગ–૫૦ કિંમત ૧.૨૦ તેમજ બે ઈસમો રાકેશ વરસનભાઈ પટેલ, અંબુભાઈ ઉર્ફે કરણ રાઠવાની અંગઝડતીમાં બે મોબાઈલ ફોન સેન્ટીંગની પ્લેટો નંગ–૮ મળી ૪,૨૩,૬૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી.

# પંચમહાલ સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ યોજનાની માહિતી પુરી પડાઈ

ગોધરા,
ધી રાઈટસ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટ્રીસ એકટ –૨૦૧૬ અંતર્ગત જીલ્લા કક્ષાની વિકલાંગધારા અમલીકરણ સમિતિની બેઠક તા. ૧૨/૧૧/૨૦૨૦ ના રોજ નિવાસી અધિક કલેકટર કચેરીની અદયક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ રૂમમાં યોજવામાં આવી હતી. જેમાં વિકલાંગધારો ૨૦૧૬ ની વિવિધ વિભાગો તરફથી થતી અમલવારી તથા સમાજ સુરક્ષા કચેરી દ્વારા થયેલ દિવ્યાંગ કલ્યાણલક્ષી યોજનાઓ જેમાં દિવ્યાંગ શિષ્યવૃતિ યોજના દિવ્યાંગ સાધન સહાય યોજના, દિવ્યાંગોને એસ.ટી. બસમાં મફત મુસા ફરીની યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના તથા UDID કાર્ડ યોજનાની કામગીરીમાં થયેલ પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. દિવ્યાંગોની આર્થિક સહાયની યોજનામાં ૮૦ ટકાથી ઉપર વિકલાંગતા ધરાવતા તથા બી.પી.એલ. ૦ થી ૨ સ્કોર ધરાવતા તમામ દિવ્યાંગજનોને આ યોજનાનો વધુમાં વધુ લાભ મળે તે માટે તથા દિવ્યાંગલક્ષી તમામ યોજનાઓનો વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે અદયક્ષસ્થાનેથી સુચના મળી હતી. યોજનાકીય પ્રેઝન્ટેશન જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા કરવામાં આવ્યુ હતું.

# નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, તથા પાલક માતા-પિતા યોજનાની અમલવારી કામગીરીની સમીક્ષા કરવામાં આવી

ગોધરા,
રાષ્ટ્રીય સામાજીક સહાયતા કાર્યક્રમ (NSAP) અંતર્ગત જીલ્લા કક્ષાની સલાહકાર સમિતિની બેઠક તા .૧ ૨ / ૧૫૨૦૨૦ ના રોજ માન નિવાસી અધિક કલેકટરની અદયક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ રૂમમાં યોજવામાં આવી હતી.જેમાં સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની યોજનાઓ ઈંદીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શાન યોજના, ઈંદીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, સંત સુરદાસ યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના તથા પાલક માતા પિતા યોજનાની અમલવારી અને કામગીરીની થયેલ પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ યોજનાઓનો વધુમાં વધુ લાભ લોકોને મળે તે માટે તમામ યોજનાઓનો વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે અદયક્ષસ્થાનેથી સુચના મળી હતી. યોજનાકીય પ્રેઝન્ટેશન સમાજ સુરક્ષા અધિકારી દ્વારા કરવામાં આવ્યુ હતું.

# ધનતેરસના પર્વે ઝવેરી બજારોમાં લોકોની ભીડ જામતા વેપારીઓમાં ખુશીની લહેર

દીપાવલિના તહેવારોનો પ્રારંભ થઈ ગયો છે અને આજે ધનતેરસની ઉજવણી કરવામાં આવી રહી છે. ધનતેરસ એ સોના-ચાંદીની ખરીદી માટે શ્રેષ્ઠતમ દિવસ છે. માટે ધનતેરના પર્વે સોનુ અને ચાંદીની ખરીદી થઈ રહી છે. ધનતેરસનો દિવસ ધનની દેવી લક્ષ્મીજીની ઉપાસના ઉપરાંત ભગવાન ધનવંતરિના પ્રાગ્યટય દિન હોવાથી ધનવંતરિ પ્રાગ્યટય દિનની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ઝવેરી બજારમાં સવારથી મોડી રાત સુધી રોનક જોવા મળશે. વર્ષ દરમિયાન ઘર-પરિવારમાં ધન અને સમુદ્ધિની પ્રાપ્તિ થાય તે હેતુંથી આજે



ધનતેરસમાં ધનની દેવી લક્ષ્મીજીનું પૂજન-અર્ચન કરાશે.

વેપારીઓ દેશીહિસાબના ચોપડા અને લક્ષ્મીજીનું પૂજન કરશે. તો હિંદુ ધર્મના લોકો પોતાના ઘેર લક્ષ્મીજીનું સ્થાપન કરી તેમની શ્રદ્ધાભેર પૂજા-અર્ચના કરશે. ધનતેરસ ધાર્મિક પરંપરા અને માન્યતા ઉપરાંત સોના-ચાંદીની ખરીદી માટેનો શુકનવંતો દિવસ છે. આજે ધનતેરસમાં કરોડો રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ખરીદી થશે. સોનાના ભાવ ખૂબ જ વધારે હોવા છતા પણ લોકો શુકન માટે સોના અને ચાંદીની ખરીદી કરવા ઉમટી પડ્યા છે. સોની બજારમાં ઘરાકી હોવાના કારણે સોનીઓ પણ ખુશ છે કારણ કે ભાવ વધુ હોવાના કારણે ઘણા સમયથી સોનાના ધંધામાં ખૂબ જ મંદીનો માહોલ હતો, પરંતુ આજે તહેવારના કારણે સોનામાં અને ચાંદીમાં શુકનવંતી ઘરાકી નીકળતા વેપારીઓ પણ ખુશ છે. રાજ્યના તમામ સોની બજારમાં આજે ઘરાકી નીકળતા વેપારીઓના ખુશ થયા હતા. સાથે-સાથે દર વર્ષની પરંપરા મુજબ ધનતેરસે સોના-ચાંદીની ખરીદી શુકનવંતી માનવામાં આવે છે તે માટે આજે લોકો પણ સોના-ચાંદીની ખરીદી કરવા માટે સોની બજારમાં ઊમટી પડ્યા હતા અને આજે નક્ષત્ર મુજબ સોના-ચાંદીની યથાશક્તિ મુજબ ખરીદી કરી અને પરંપરા જાળવી રાખી હતી. આજે અમદાવાદમાં ૨૪ કેરેટ સોનાનો ભાવન પ્રતિ ૧૦ ગ્રામ ૫૨,૮૧૫ છે જ્યારે ચાંદી પ્રતિ કિલો ૬૨,૭૦૦ છે.

# અમદાવાદ ભદ્ર બજારમાં ખરીદી કરવા આવતા તમામનું કરાયું ફરજીયાત થર્મલ સ્ક્રીનિંગ

અમદાવાદ,
મીડિયાના માધ્યમથી લોકો સોશિયલ ડિસ્ટનસનું ભાન ભૂલ્યા હોય તે અંગેનો અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. જે બાદ તંત્ર હરકતમાં આવ્યું છે અને તકેદારીના ભાગરૂપે બજારમાં પ્રવેશતા તમામ લોકોનું થર્મલ સ્ક્રીનિંગ ફરજિયાત રીતે શરૂ કર્યું છે.તાપમાન વધુ હોય તો માર્કેટમાં પ્રવેશ નહીં મળેથર્મલ સ્ક્રીનિંગ દરમિયાન કોઈ વ્યક્તિનું તાપમાન વધુ આવવાથી તેને માર્કેટમાં પ્રવેશ આપવામાં આવતો નથી. કારણ કે, જે વ્યક્તિનું તાપમાન વધુ હોય તેને કોરોના હોવાની શક્યતા છે અને તેના કારણે અન્ય લોકો પણ કોરોનાથી સંક્રમિત થઈ શકે છે.

# વડોદરાની પરિણીતાના નામનું ફેક ઈન્સ્ટા એકાઉન્ટ પર બીભત્સ વાતો કરનારની ધરપકડ

વડોદરા,
વડોદરાના સેવાસી ગામમાં રહેતી પરિણીત મહિલાના નામે સોશિયલ મીડિયા પર ફેક એકાઉન્ટ ખોલીને બીભત્સ વાતો કરતા રોમિયો સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને વડોદરા તાલુકા પોલીસે રોમિયોની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે કામિનીબેન(નામ બદલ્યું છે) સેવાસી ખાતે રહે છે. તેઓ ઈન્સ્ટાગ્રામ પર NICK7_53 નામનું એકાઉન્ટ ધરાવે છે. તેઓના એકાઉન્ટ અને ફોટાનો અજાણી વ્યક્તિએ ઉપયોગ કરીને WOUNDERLUST_ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવીને બીભત્સ લખાણ લખી મેસેજ મોકલવાનું ચાલુ કર્યું હતું. પરિણીતાએ કોઈ રિપ્લાય ન આપતા અજાણ્યા મોબાઈલ રોમિયોએ વધુ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આ ઉપરાંત અજાણ્યા યુવાને કામિનીના ફોટોનો ઉપયોગ કરી ૮૮૯૦૮૯૦ નામનું ફેક એકાઉન્ટ બનાવી તે એકાઉન્ટના માધ્યમથી ફરી વખત કામિની સાથે બીભત્સ રીતે વાતચીત શરૂ કરી હતી અને કામિની પાસે તેના નગ્ન ફોટોની માંગણી કરી હતી.